**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા**
**કચ્છ યુનિવર્સિટી**
**મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.** **ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧**
**ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧**
**ઈમેઈલ-info@kskvkachchhuniversity.org** **વેબ-kskvkachchhuniversity.org**

---

ક.યુ./ઇ.સી./મિનિટસ/૯મી ઓકટોમ્બર/૨૦૧૭/૧૫૧૩ તા.૧૬/૧૦/૨૦૧૭

પ્રતિ,
તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય : ગત તા.૦૯/૧૦/૨૦૧૭ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટ્સની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા. ૦૯/૧૦/૨૦૧૭ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ**

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**
**ભુજ–કચ્છ.**

બિડાણઃ– એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાનાઃ– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

તા. ૦૯મી ઓકટોમ્બર ૨૦૧૭ ના રોજ બપોરે ૦૩.૩૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ:

---

આજ રોજ ૦૯મી ઓકટોમ્બર ૨૦૧૭ ના રોજ બપોરે ૦૩.૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એકિઝકયુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. આ સભામાં નીચે મુજબના એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય,ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી અજય ગઢવી,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી શ્રવણસિંહ વાઘેલા,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એમ.જી.ઠકકર.<br>પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| ડો. કે.એમ.ત્રિવેદી<br>રીડર, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી પ્રવિણભાઇ પીડોરીયા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| શ્રી અરૂણભાઇ ભીન્ડે<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

કચ્છ યુનિવર્સિટીની ચતુર્થ એકિઝકયુટીવ કાઉન્સીલની રચના અન્વયે માનનીય કુલાધિપતિશ્રી દ્વારા નિયુક્ત થયેલા સભ્યશ્રીઓને માન.કુલપતિશ્રી દ્વારા અને તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ દ્વારા સત્કારવામાં આવ્યા અને નિયુકતી બદલ તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા.

## –મુદાઓ –

૧. તા.૨૯મી સપ્ટેમ્બર–૨૦૧૭ના રોજની સભાની મિનિટસનું વાંચન અને બહાલી.

ઠરાવઃ– ૧. ગત તા.૨૯/૦૮/૨૦૧૭ના રોજની સભાની મીનીટસના વાંચન બાદ આ સભાના નીચે દર્શાવેલ ઠરાવોમાં ફેરફાર સુચવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવ નં.૧– તા.૦૪/૦૮/૨૦૧૭ ના રોજની સભા મીનીટસ નોંધની બહાલી અન્વયે સદર સભાના ઠરાવ નં.૮ અંગે સભ્યશ્રી દ્વારા સુચવવામાં આવ્યા મુજબ જે–તે કર્મચારીઓને છ–માસની મુદત માટે પુનઃકરાર કરવા થયેલ આદેશને ગ્રાહય રાખી છ–માસની મુદત પૂર્ણ થયેથી પુનઃકરાર ક્રમશઃ લંબાવતી વખતે તેઓશ્રીઓને અગાઉ થયેલ કરારમાં દર્શાવેલ સમયાવધિ ધ્યાને લઇ તે મુજબનો કરાર લંબાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવ નં.૬– શિક્ષણ વિભાગ અને એસ.એ.જી. અંતગર્ત વર્ષ–૨૦૧૭–૧૮ માટેની મંજુર થયેલ ગ્રાન્ટ અંતગર્ત પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે યુનિવર્સિટી ખાતે કાર્યરત વર્તમાન કન્સલ્ટન્ટ પૈકી શ્રી વિશ્વકર્મા કન્સલ્ટન્ટ, વડોદરાને નિમણુંક આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવ નં.૧૪/૨–ગુજરાત સરકાર દ્વારા નવિનીકરણ, સમારકામ અને સુધારા–વધારા માટે વર્ષ ૨૦૧૭–૧૮ ના હેડમાં મળેલ ગ્રાન્ટ અંતગર્ત પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે નિમણુંક આપવા બાબતે યુનિવર્સિટી ખાતે કાર્યરત વર્તમાન કન્સલ્ટન્ટ પૈકી શ્રી વિશ્વકર્મા કન્સલ્ટન્ટ, વડોદરાને નિમણુંક આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવ નં.૧૫–કચ્છ યુનિવર્સિટીમાં નિમણુંક પામેલ કર્મચારીઓનો અજમાયશી સમયગાળો પૂર્ણ થતાં લાંબાગાળાની નિમણુંક આપવા બાબતે કર્મચારીશ્રીઓનો કાર્યસમીક્ષા અહેવાલ અધ્યક્ષશ્રીના રીમાર્કર્સ સાથે રજુ

કરવા જણાવી તેના આધારે લાબાંગાળાની નિમણુંકનો આદેશો કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨. યુનિવર્સિટી કેમ્પસ ખાતે ચાલતાં એમ.પી.શ્રી થીએટરના બાંધકામ બાબત.

ઠરાવઃ- ૨. કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે ચાલતાં એમ.પી.શ્રી થીએટરના બાંધકામ અન્વયે નિમાયેલ વર્તમાન કન્સલ્ટન્ટશ્રી વોગ ડીઝાઇન, અમદાવાદની નિમણુંકને રદ કરવા અને તેના સ્થાને વિશ્વકર્મા કન્સલ્ટન્સી, વડોદરાને નિમણુંક આપવા સબંધે બાંધકામ સમિતિ મારફતે આગળની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩. યુનિવર્સિટી કેમ્પસ ખાતે જરૂરીયાત મુજબના નવા બિલ્ડીગ બાબત.

ઠરાવઃ- ૩. કચ્છ યુનિવર્સિટી ખાતે સેન્ટર ફોર એક્સલન્સ, પી.ડબ્લ્યુ.ડી, ડીપાર્ટમેન્ટ ઓફ હ્યુમીનીટી સાયન્સ વગેરેના ગ્રીન કોન્સેપ્ટ વાળા નવા મકાન બનાવવાના ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૪. યુનિવર્સિટી કેમ્પસ ખાતે જરૂરીયાત મુજબના જુદી-જુદી બાબતો માટે ટેન્ડર ઓનલાઇન કરવા બાબત.

ઠરાવઃ- ૪.કચ્છ યુનિવર્સિટીના કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ અંતર્ગત વણવપરાયેલ ગ્રાન્ટનો ઉપયોગ માટે જુદી-જુદી બાબતો અંગેના ટેન્ડર ઓનલાઇન કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫. રજીસ્ટ્રારની જગ્યાની ભરતી માટેની પ્રક્રિયા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવા બાબત.

ઠરાવઃ- ૫.રજીસ્ટ્રારની જગ્યાની ભરતી માટેની પ્રક્રિયા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવા, રજુ કરેલ ગુણાંકન યોજના બહાલ રાખી તે અન્વયે ઇન્ટરવ્યું પ્રક્રિયા હાથ ધરવી અને પ્રક્રિયાને અંતે તા:૧૪/૧૦/૨૦૧૭ના રોજ ૩:૩૦ કલાકે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા બોલાવવીને પરીણામ રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૬. રજીસ્ટ્રારની જગ્યાની ભરતી કમીટીમાં એક્ઝિક્યુટીવ કાઉન્સીલના એક સભ્યશ્રીની નિમણુંક બાબત.

ઠરાવઃ- ૬. રજીસ્ટ્રારની જગ્યાની ભરતી કમિટીમાં એક્ઝિક્યુટીવ કાઉન્સીલના એક સભ્યશ્રી તરીકે શ્રી શ્રવણસિંહ એસ.વાઘેલાને નિમણુંક આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૭. યુનિવર્સિટી કેમ્પસ ખાતે નવિનીકરણના ભાગરૂપે આવેલ ફર્નિચર બાબત.

ઠરાવઃ- ૭. યુનિવર્સિટી કેમ્પસ ખાતે ચાલતાં નવિનીકરણ ભાગરૂપે આવેલ ફર્નિચર બાબતે ચર્ચા-વિચારણાંને અંતે સરકારશ્રીની ગ્રાન્ટ માંથી ચાલતા તમામ કાર્યની વહિવટી અને નાણાંકિય દેખરેખ માટે નીચે મુજબની કમિટીની રચવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | નામ | હોદો |
|---|---|---|
| ૧ | શ્રી શ્રવણસિંહ એસ.વાઘેલા | અધ્યક્ષશ્રી |
| ૨ | શ્રી અજયભાઇ પી.ગઢવી | સભ્યશ્રી |
| ૩ | શ્રી પ્રવિણભાઇ પીંડોરીયા | સભ્યશ્રી |

૮. યુનિવર્સિટીને ૧૨–બીની માન્યતા અંગે આવનાર સ્થળ તપાસ સમિતિ સાથે બેઠકમાં આમંત્રણ પાઠવવા બાબત.

**ઠરાવઃ– ૮.કચ્છ યુનિવર્સિટી ખાતે યુ.જી.સી.દ્વારા ૧૨–બીની માન્યતા અંગે આવનાર સ્થળ તપાસ સમિતિ સાથે બેઠક માટે એક્ઝિક્યુટીવ કાઉન્સીલ તથા કોર્ટના સભ્યશ્રીઓને આમંત્રણ પાઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**–અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મુદાઓ–**

૯. બી.કોમ. સેમેસ્ટર–૫ તથા સી.એ.ની પરીક્ષા એક સાથે થાય છે તે બાબત.

**ઠરાવઃ–૯.બી.કોમ. સેમેસ્ટર–૫ ની પરીક્ષાની તારીખો ફેરફાર કરી એમ.કોમ.ની પરીક્ષા સાથે યોજવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૦ પ્રાધ્યાપકશ્રીઓની જગ્યા ભરવા બાબત.

**ઠરાવઃ– ૧૦.કચ્છ યુનિવર્સિટી ખાતે પ્રાધ્યાપકશ્રીઓની ભરતી અન્વયે આપવાની થતી જાહેરાતમાં કેમેસ્ટ્રી તથા અર્થ એન્ડ ઇન્વાયરમેન્ટ સાયન્સ અભ્યાસક્રમ માટે આનુસાંગિક તમામ વિષયોનો ઉલ્લેખ સાથે અને કોમર્સ, અર્થશાસ્ત્ર વગેરે ભવનોમાં ખાલી રહેલ પ્રાધ્યાપકશ્રીઓની ભરતીની પ્રક્રિયા હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૧. લાઇબ્રેરી માટે એમેઝોન કીન્ડલ ડીવાઇસ ખરીદી અન્વયે થનાર ખર્ચ બાબત.

**ઠરાવઃ– ૧૧.કચ્છ યુનિવર્સિટી ખાતે લાઇબ્રેરીમાં અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓને ઉપયોગ માટે તથા યુ.જી.સી.દ્વારા ૧૨–બીની માન્યતા માટે જરૂરીયાત હોવાથી એમેઝોન કીન્ડલ ડીવાઇસ ખરીદી અન્વયે થનાર ખર્ચને સર્વાનુમતે મંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.**

૧૨. કચ્છ યુનિવર્સિટીને ૧૨–બી માન્યતા મેળવવા કરેલ દરખાસ્ત અન્વયે સ્થળ તપાસ દરમ્યાન ખર્ચ બાબત.

**ઠરાવઃ– ૧૨.કચ્છ યુનિવર્સિટી ખાતે તા.૧૨/૧૦/૨૦૧૭ થી તા.૧૪/૧૦/૨૦૧૭ દરમ્યાન યુ.જી.સી.દ્વારા ૧૨–બીની માન્યતા માટે આવનાર સ્થળ તપાસ સમિતિની સરભરા અને થનાર અન્ય ખર્ચને સર્વાનુમતે મંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.**

૧૩. સ્ટાફ ક્વાર્ટર ફાળવવા બાબત.

**ઠરાવઃ– ૧૩.યુનિવર્સિટી ખાતે નવનિમિત કરવામાં આવેલા સ્ટાફ ક્વાર્ટર ફાળવવા માટેના નિયમો બનાવવા નીચે દર્શાવેલ સભ્યશ્રીઓની સમિતિ રચવામાં આવી. આ સમિતિ દ્વારા તૈયાર કરેલ નિયમો મુજબ સ્ટાફ ક્વાર્ટર ફાળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| ક્રમ | નામ | હોદો |
|---|---|---|
| ૧ | ડો.એમ.જી.ઠકકર | અધ્યક્ષશ્રી |
| ૨ | ડો.વિજય વ્યાસ | સભ્યશ્રી |
| ૩ | ડો.ભાવેશ જેઠવા | સભ્યશ્રી |
| ૪ | ડો.પંકજ ઠાકર | સભ્યશ્રી |

૧૪. સ્ટાફ ભરતી પ્રક્રિયાને અંતે પસંદ થયેલ ઉમેદવારને હાજર થવાની સમય અવધિ બાબત.

**ઠરાવઃ– ૧૪. યુ.જી.સી.દ્વારા ૧૨–બીની માન્યતા માટે આવનાર સ્થળ તપાસ સમિતિની મુલાકાતને ધ્યાને લઇ તા:૨૭ અને ૨૮ સપ્ટેમ્બર,૨૦૧૭ના રોજ થયેલ સ્ટાફ ભરતી પ્રક્રિયાને અંતે પસંદ થયેલ ઉમેદવારને હાજર થવાની સમય અવધિ ૧૦ દિવસ આપવામાં આવી હતી. પરંતુ પસંદ થયેલ ઉમેદવારોને નિયમાનુસાર ૯૦ દિવસમાં જે તે સંસ્થામાંથી છુટા થાય તે બાબતને ધ્યાને લઇ ૧૦ દિવસને સ્થાને ૯૦ દિવસમાં હાજર થાય તો હાજર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૫. એક્ઝિક્યુટીવ કાઉન્સીલની તા:૦૫/૦૭/૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમ ૧૦ મુજબ કચ્છ યુનિવર્સિટી ફર્નિચર, સમારકામ રીપેરીગ વગેરે કામગીરી અન્વયે બાકી રહેતા ચુકવણા બાબત રચેલ તપાસ સમિતિ રજૂ કરેલ અહેવાલ બાબતે.

**ઠરાવઃ– ૧૫. એક્ઝિક્યુટીવ કાઉન્સીલની તા:૦૫/૦૭/૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમ ૧૦ મુજબ કચ્છ યુનિવર્સિટી ફર્નિચર, સમારકામ રીપેરીગ વગેરે કામગીરી અન્વયે બાકી રહેતા ચુકવણા બાબતે રચેલ તપાસ સમિતિ દ્વારા તા:૩૧/૦૮/૨૦૧૭ના રોજ આવક નંબર:૨૧૧૧થી રજૂ કરેલ અહેવાલમાં કરેલ સ્પષ્ટ સુચન મુજબ દર્શાવેલ પાર્ટીઓના બાકી રહેલ ચુકવણા ચુકવવા આ બાબતે થયેલ ચર્ચા અનુસાર ડેડ સ્ટોક રજીસ્ટરમાં એન્ટ્રી પ્રમાણિત કરી ડો.એમ.જી.ઠક્કર દ્વારા રજુ કર્યા બાદ ચુકવણાં અંગે સમિતિના સુચનનું પાલન કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૬. નાણાં સમિતિમાં સભ્યશ્રીના ફેરફાર અંગે સભ્યશ્રી ડો.પી.એસ.હિરાણીની રજુઆત બાબત.

**ઠરાવઃ– ૧૬.કચ્છ યુનિવર્સિટીના જાહેરનામા ક્રમાંક નં.ક.યુ./ સ.મ./ ફા.ક./ ૨૦૧૭/ તા.૨૭/૦૭/૨૦૧૭ મુજબ એક્ઝિક્યુટીવ કાઉન્સીલ દ્વારા નાણાં સમિતિમાં નામાંકિત સભ્યશ્રી ડો.પી.એસ.હિરાણીની રજુઆત અન્વયે તેમના સ્થાને નવનિયુક્ત એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રી શ્રી પ્રવિણભાઇ પીડોરીયાને નાણાં સમિતિમાં નિમણુંક આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં માન.કુલપતિશ્રીના હ્રદયપૂર્વક આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.**

આપનો વિશ્વાસુ

**કુલસચિવ(ઇ.ચા.)**

નકલ સવિનય રવાનાઃ– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

તા:૧૬/૧૦/૨૦૧૭